# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-06-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

# DNA SAMPLE

અમદાવાદની વિમાન દુર્ઘટનામાં અત્યાર સુધી કુલ 32 મૃતકોનાં DNA નમૂના મેચ થયા , અત્યાર સુધી 14 મૃતદેહ પરિવારજનોને સોંપાયા છે. સિવિલ હોસ્પિટલના એડિશનલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. રજનીશ પટેલે જણાવ્યું કે અમદાવાદના ચાર , વડોદરાના બે, ખેડાના એક , અરવલ્લીના એક, બોટાદના એક, મહેસાણાના ચાર, ઉદયપુરના એક મૃતદેહનો સમાવેશ થાય છે. જે મૃતકોના DNA નમૂના મેચ થયા છે તેમના પાર્થિવદેહને પરિવારજનોને સોંપવામાં આવી રહ્યા છે.

પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગસ્થ વિજય રૂપાણીના DNA પણ મેચ થયા છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી આ જાહેરાત કરતાં જણાવ્યું કે આજે સવારે 11 કલાકે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના DNA મેચ થયા હતા.

(બાઇટ: હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે કે સ્વર્ગસ્થ વિજય રૂપાણીનો મૃતદેહ હેલિકોપ્ટર મારફતે રાજકોટ લઈ જવાશે.

. . . . . . . . . . . . .

# SHRADDHANJALI

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં અદાલત કક્ષમાં દીવ બાર એસોસિએશનના વડાની ઉપસ્થિતિમાં તમામ લોકોએ અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. કક્ષમાં બે મિનિટનું મૌન પાળી દુર્ઘટનામાં જીવ ગુમાવનારા દીવના મુસાફરો સહિતના મૃતકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા એક મુસાફર ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના પણ કરવામાં આવી.

બીજી તરફ, મહેસાણા ખાતે મૃતકો માટે ગાયત્રી પરિવાર દ્વારા શાંતિ સભા અને શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરાયું , જેમાં સાંસદ હરિભાઈ પટેલ અને ધારાસભ્ય સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . . .

# RAMDAS ATHAVALE

કેન્દ્રીય મંત્રી રામદાસ અઠાવલે આજે ગાંધીનગરમાં પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય વિજય રૂપાણીના પરિવારને મળ્યા. શ્રી અઠાવલેએ માધ્યમો સાથેની વાતચીતમાં આ અંગેની માહિતી આપતાં જણાવ્યું , ભગવાન તેમના પરિવારને દુઃખ સહન કરવાની શક્તિ આપે.

(બાઈટઃ રામદાસ અઠાવલે, કેન્દ્રીય મંત્રી)

. . . . . . . . . . . . .

# BOTAD YUVAN MRUTDEH

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં બોટાદ જિલ્લાના અડતાળા ગામના યુવક હાર્દિક અવૈયાનું પણ મોત થયું છે. બોટાદના અમારા પ્રતિનિધિ પ્રકાશ ભિમાણી જણાવે છે , મૃતક હાર્દિક અવૈયાનો મૃતદેહ આજે તેમના ગામે લવાતા સમગ્ર ગામમાં શોકનો માહોલ જોવા મળ્યો. 27 વર્ષના આશાસ્પદ યુવક હાર્દિક અવૈયા લંડનમાં નોકરી કરતા હતા. અઢી મહિના પહેલાં જ લંડનમાં રહેતાં વિભૂતિ સાથે તેમની સગાઈ થઈ હતી. સગાઈ બાદ ધાર્મિક પ્રસંગમાં હાર્દિક અને તેમનાં મંગેતર બંને અડતાળા ગામ આવ્યાં હતાં.

. . . . . . . . . . . . .

# LRD EXAM

પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક દળ કેડરની  12 હજાર જગ્યા માટે આજે રાજ્યના 7 જિલ્લા- અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, આણંદ અને ભાવનગરમાં લેખિત પરીક્ષા યોજાઇ. કુલ  2 લાખ  48 હજાર  જેટલા ઉમેદવારોએ અરજી કરી છે. રાજ્યમાં કુલ   825 શાળાકેન્દ્રો ખાતે યોજાયેલી આ પરીક્ષા માટે વહેલી સવારથી જ ઉમેદવારો પરીક્ષા કેન્દ્ર પર પહોંચી ગયા હતા. જ્યા બાયોમેટ્રિક અને સ્કેનિંગ કરી પ્રવેશ અપાયો હતો. પરીક્ષા સ્થળે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો.

. . . . . . . . . . . . .

# STATE RAIN

રાજ્યમાં આજે કેટલાક તાલુકામાં વરસાદ થયાના અહેવાલ છે. મહીસાગરના અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે , સંતરામપુર પંથકમાં ગત મોડી રાતથી ગાજવીજ સાથે વરસાદી માહોલ જામ્યો. જ્યારે બટકવાડા ગામાં વીજળી પડવાથી 2 પશુના મોત થયા છે. બીજી તરફ વીજળી પડવાથી મકાનમાં આગ પણ લાગી હતી. તેને બૂઝવવા સંતરામપુર અગ્નિશમન દળની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. આ ઘટના બાદ તલાટીના અધિકારીઓએ ઘટનાસ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી.

સુરેન્દ્રનગર જિલ્લાના અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે , સવારે છ વાગ્યા સુધીમાં સાર્વત્રિક એકથી ત્રણ ઈંચ વરસાદ નોંધાયો. જ્યારે થાનગઢ તાલુકાના સરોડી ગામમાં વીજળી પડતા એક યુવકનું મોત નીપજ્યું. બીજી તરફ વીજળી પડવાથી એક મકાનમાં આગ લાગી. વરસાદના કારણે સાયલા તાલુકાના કંસારા ગામમાં વીજળી પડતા એક ભેંસનું પણ મોત નીપજ્યું હતું.

. . . . . . . . . . . . .

# સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)